165

REGISTERED No. GRJ-24

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND
CENTRAL SECTION

*PUBLISHED BY AUTHORITY*

VOL. XLII ] THURSDAY, 17TH MAY, 2001/VAISAKHA 27, 1923 [ No. 19

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II** **EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

## મોજે કતારગામ વિસ્તારની નગર રચના યોજના સુરત નં.૪૯ (કતારગામ) તૈયાર કરવા બાબત.

## અધિસૂચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ -૨૨ ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૨૭-૧-૮૪ નાં ઠરાવ નં.૬૨૬(૧૦) થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં.૨૭)ની કલમ-૪૧ ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાનાં નગર નિયોજન સમિતિનાં ઠરાવનં.૩૩/૨૦૦૧, તા.૯-૫-૨૦૦૧ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૪૯ માં ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ કતારગામ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૪૯ (કતારગામ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી,

ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફીસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સુરત.
તા. ૧૬/૫/૨૦૦૧

કમિશ્નર,
સુરત મહાનગરપાલિકા.

ઠરાવ:—

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૯–૫–૨૦૦૧ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :—

xxxxxxxxx

મ્યુ.કમિશ્નરશ્રીનાં તાં.૩૦–૪–૨૦૦૧ નાં પત્ર નં. સીમીસ/૮/૩ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની હદમાં મુસદ્દારુપ નગર રચના યોજના સુરત નં.૪૯ (કતારગામ) તૈયાર કરવા અંગે ફાઈલના પત્ર વ્યવહાર વિભાગ પાના નં.૧૪૯ પર સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખામાં દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં.૪૯ (કતારગામ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ–૧૯૭૬ ની કલમ–૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું,ઈરાદો જાહેર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ અધિસૂચન મંજુર કરવાનું ,સદર અધિસૂચન બે સ્થાનિક દૈનિકપત્રોમાં બહોળો ફેલાવો કરવા એક–એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં. ૩૩/૨૦૦૧ સર્વાનુમતે મંજુર.</u>

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.